સંક્ષિપ્ત સમાચાર

સાવલીના ધારાસભ્ય કેતન ઇનામદારના 48માં જન્મ દિને વિવિધ કાર્યક્રમો યોજાયા

સાવલી : સાવલી ડેસર તાલુકાના ધારા સભ્ય કેતન ઇનામદાર નો આજે ૪૮ મી જન્મ દિને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી એક સામાજિક સેવાકીય પ્રવૃત્તિ દ્વારા અલગ રીતે ઉજવણી કરી હતી હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલે છે અને તેમાંય સોમવાર નું ખાસ મહત્વ હોય છે ત્યારે સંજોગોવસાત તેમનો જન્મદિન સોમવારે જ આવતો હોય ભીમનાથ મહાદેવ ખાતે લઘુરુદ્ર યજ્ઞ અને મહાપ્રસાદ નું આયોજન શિવ ભક્તો માટે રાખવામાં આવ્યું હતું સાથે સાથે સાવલી ભીમનાથ મહાદેવ મંદિર,ડેસર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ યુનિવર્સિટી અને મંજુસર G.I.D.C માં એમ ત્રણ સ્થળો એ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામા આવ્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં તાલુકાજનો તેમના સમર્થકો અને શાળા ના બાળકો તેમને શુભેચ્છા પાઠવવા પહોંચ્યા હતા અને ધારા સભ્ય કેતન ભાઈ દ્વારા તાલુકા ની તમામ શાળા ના બાળકો સાથે પોતાના જન્મ દિનની ઉજવણી કરી હતી આ વેળાએ ૭૦૦ થી વધુ યુનિટ રક્ત દાન કરવામાં આવ્યું હતું

ડભોઇથી ગરબાડા નવી એસ.ટી.ફાળવાતા ધારાસભ્યએ લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યુ

ડભોઇ : રાજ્ય સરકાર ધ્વારા ડભોઇ થી દાહોદ ના ગરબાડા સુધી લાંબારુટ માટે નવીન એસ.ટી.બસ ડભોઇ ડેપો ને મોકલી આપી હતી.મુસાફરો ની અગવડતા દુર કરવા અને સગવડીયા મુસાફરી પુરી પાડવા માટે નવી એસ.ટી.બસ ફળાવાઇ જેનુ ધારાસભ્ય હસ્તે લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યુ હતુ. ડભોઇ એસ.ટી.ડેપો મા લાંબી મુસાફરી માટે નવીન એસ.ટી.બસ રાજ્ય સરકાર ના પરીવહન વિભાગ ધ્વારા ફાળવણી કરાઇ હતી.જેને ડભોઇ થી ગરબાડાના રુટ પર વિશ્વામિત્રી એક્સપ્રેસ તરીકે મુકાઇ હતી.જેને ડભોઇ ના ધારાસભ્ય શૈલેષભાઇ મહેતા એ પાલિકા કોર્પોરેટરો,ભાજપ ના પદાધિકારીઓ અને કાર્યકરો ની હાજરી મા લીલીઝંડી બતાવી પ્રથમ મુસાફરી માટે રવાના કરાઇ હતી.નવી એસ.ટી.બસ ડભોઇ થી ગરબાડા ના રુટ પર શરુ કરાતા આદિવાસી સમાજ ના મુસાફરો માટે અલાયદી ભેટ તરીકે જોવામા આવી રહી છે. કારણકે પંચમહાલ અને દાહોદ જીલ્લા મા આદિવાસી સમાજ ની મોટી વસ્તી આવેલી છે.

ચૂંટણીની અદાવતે માથાકૂટ થઈ હોવાની ચર્ચા

જરોદ ગામે બે જુથ વચ્ચે મારામારીમાં ત્રણને ઈજા પહોંચતા સામસામે પોલીસ ફરિયાદ

ગ્રા.પં.નો પટ્ટાવાડો હાથમા ખંજર લઈ બિભત્સ ગાડો બોલતા મામલો બિચક્યો

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.1

જરોદ રાજપૂત ફળિયામાં રહેતા વિરેન્દ્રસિંહ અરૂણસિંહ સોલંકી (૨૨)ના મિત્ર દેવષીસિંહ રાઉલજીના મામાનો ભાથીજી મંદિર નજીક તબેલો આવેલો હોવાથી બન્ને મોટર સાયકલ ઉપર ટિફિન આપવા માટે ગયા હતા અને પરત ફરતા હતા ત્યારે એક્ટિવા અને મોટર સાયકલ ઉપર ધસી આવેલા રોનક પ્રતાપભાઈ પરમાર, જયમીન પ્રતાપભાઈ પરમાર, હર્ષદ પઢિયાર, અનિષભાઈ પઢિયાર, રવિ, અને અન્ય બે માણસોએ બન્નેને રોકી અગલા દિવસે થયેલી અદાવતની રીસ રાખી બન્ને ઉપર પીવીસીની પાઈપથી હુમલો કરી બિભત્સ ગાળો ભાંડી હતી જાનથી મારી નાંખવાની ધમકી સાથે પાઈપો, લાકડી અને મૂઢમાર મારતા બંનેને હાથે પગે તેમજ બરળાના ભાગે ઈજાઓ થતા વડોદરા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હુમલો કર્યા બાદ હુમલાખોર ફરાર થઈ ગયા હતા.જરોદ પોલીસે ફરિયાદના આધારે હુમલાખોરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જરોદ ગ્રામ પંચાયતમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા રોનક પરમારે નશાની હાલતમાં રાત્રે એક્ટીવા માં ખંજર લઈ ફરતો હોવાનો આક્ષેપ ફરીયાદિએ લગાવ્યો હતો.તે દરમ્યાન ગાડાગાડી થતા સમાપક્ષના કેટલાક લોકોએ તેને મેથીપાક આપી પકડીને પોલીસ સ્ટેશને સોંપ્યો હતો. જેની અદાવતમા બીજા દિવસે સાંજે રોનક સહિત અન્ય સાત ઈસમોએ ગેર કાયદેસર મંડળી બનાવી હુમલો કરી ફરાર બન્યા હતા.જ્યારે રોનક પરમારના પત્ની હીનાબેને (૨૬) નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે સફેદ કલરની ઈકોમાં ધસી આવેલા દશેક હુમલાખોરોએ ઘર ઉપર પથ્થરમારો કર્યો હતો.અને તારો પતી ક્યાં છે તેવુ પુછી સખ્સો સાથે મહિલાઓ એ જપાજપી કરી હોવાની જરોદ પોલીસ મથકે અગીયાર લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.જોકે ગામમા થયેલી માથાકુટના કારણે સો ઊપરાંતનુ ટોળુ મોડિ રાત સુધી જરોદ પોલીસ મથકે ઊમટ્યુ હતુ.

પતિએ બાઇકનું બેલેન્સ ગુમાવ્યું

ચાલુ બાઈકે છત્રી ખોલતા ઉંધે માથે પટકાતા પરિણીતાનું મોત

માત્ર 22 વર્ષની પરીણીતાના કરુણ મોતથી પતિ અને માસુમ પુત્ર નોંધારા બન્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.1

વડુ તાલુકાના કરખડી ગામ નજીક સ્મશાનના વણાંક પાસે કમ કમાટી ભરી દુર્ઘટના સર્જાતા એક પુત્રની માતાએ જીવ ગુમાવ્યો હતો.

જંબુસર તાલુકાના કારેલી ગામના કોઠા વર્ગોમાં રહેતા ભાવેશ ચીમનભાઈ પરમાર તેની પત્ની સરોજ (૩ વર્ષ ૨૨) અને માસુમ પુત્ર નિલેશ ખડોલ ગામે રહેતા સસરાને ઘરે ગયા હતા ત્યાંથી મહેમાનગતિ માણીને પોતાના ગામ કારીલી તરફ આવતા હતા ત્યારે કરખડી ગામના સ્મશાન પાસેથી પસાર થતા હતા એકાએક વરસાદ ચાલુ થઈ જતા સરોજ બેને ચાલુ વરસાદમાં છત્રી ખુલતા હતા ત્યારે એકાએક બાઈકે સંતુલન ગુમાવ્યું હતું. પરણીતાનું બેલેન્સ ના રહેતા ઉંધા માથે રોડ ઉપર પટકાતા માથાના ભાગ પહોંચી હતી. પતિ ભાવેશે તુરંત લોહી લુહાણ હાલતમાં પત્નીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી હતી.

સાત કલાકની તબીબી સારવાર બાદ પરણીતા મોત ને ભેટી હતી. પત્નીના કમ કમાટી ભર્યા મોતથી પતિ સહિતનો પરિવાર હચમચી ગયો હતો. પરણીતાના અકાળે અવસાનથી માસુમ પુત્ર નિલેશે માતાનું વાત્સલ્ય છત્ર ગુમાવ્યું હતું. વડુ પોલીસે પતિ ભાવેશ પરમારની ફરિયાદ આધારે ખેતલ અકસ્માતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જો દીકરીનો જન્મ થાય તો માતાપિતાને રૂ. 1500ની ભેટ

વડોદરાની અંકોડિયા ગ્રામ પંચાયતની નવી પહેલ, દીકરીનો જન્મ થાય તો માતાપિતાને રૂ. ૧૫૦૦ની ભેટ

(પ્રતિનિધી) વડોદરા, તા.1

વડોદરા તાલુકાની અંકોડિયા ગ્રામ પંચાયતે એક નવતર પહેલ અમલમાં મૂકી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનને સંગત ગામમાં હવે દીકરીનો જન્મ થાય તો માતાપિતાને રૂ. ૧૫૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગામના સરપંચ મયુરીબેન ઉલ્પેશભાઈ પટેલે જણાવ્યું કે, દીકરીના જન્મને વધાવવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ અમલમાં છે. તેમાં ગ્રામ પંચાયતનું પણ યોગદાન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગામના જે દંપતિને ત્યાં દીકરીનું પારણુ બંધાય તેને રૂ. ૧૫૦૦ની આર્થિક સહાય આપવાનું ઠરાવવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા, ધાત્રી માતાઓઓ ઉપરાંત આઈસીડીએસ યોજના અંતર્ગત કિશોરીઓની સંભાળ રાખવામાં આવે છે, તે યોજનાઓ પણ સારી રીતે અમલ થાય એ પણ ગ્રામ પંચાયત દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે છે. અંકોડિયા ગ્રામ પંચાયતની આ યોજનાની દીકરીના જન્મના વધામણા સારી રીતે થઈ શકશે અને સમાજમાં સારો સંદેશ જશે. તદઉપરાંત અંકોડિયા ગ્રામ પંચાયત દ્વારા સ્વ. કોકીલાબેન રોહિતભાઈ (ઘનશ્યામભાઈ) પટેલ યોજના નામક બીજી પણ પહેલ અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત ગામમાં કોઈ વ્યક્તિનું અવસાન થાય તેવા સંજોગોમાં તે પરિવારને મરણોત્તર ક્રિયા કરવા માટે રૂ. ૧૫૦૦ની સહાય કરાશે.

શ્રાવણમાં બગીચાઓમાં હવે ભોલેનાથના ભજનોની ગૂંજ

(પ્રતિનિધી) વડોદરા, તા.1

વડોદરા શહેરના કોર્પોરેટર અને સ્થાયી સમિતિના સભ્ય નીતિન દોંગાએ મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશબાબુને લેખિત રજૂઆત કરી હતી કે શ્રાવણ માસ દરમિયાન શહેરના બગીચાઓમાં ભક્તિભર્યા ભજનો વગાડવામાં આવે. તેમની માંગ પર પાલિકાએ પગલું ભર્યું છે અને હવે શહેરના મુખ્યત્વે તમામ મ્યુઝિકલ બગીચાઓમાં દરરોજ સવારે અને સાંજે ભગવાન શંકરના ભજનો વગાડવાની વ્યવસ્થા શરૂ થઈ છે. શહેરમાં અંદાજે 135 જેટલા બગીચાઓ છે, જેમાંથી આશરે 13 બગીચાઓમાં મ્યુઝિકલ સિસ્ટમ ઉપલબ્ધ છે. તેમાં સયાજીબાગ, સયાજીપુરા બાગ, લાલબાગ, દિપિકા બાગ, ગોત્રી બાગ જેવા બગીચાઓનો સમાવેશ થાય છે. હવે બગીચાઓમાં ભજનો વગાડવાની શરૂઆત કરાઈ છે.

બાળકીને તાત્કાલિક બોડેલીના સામુહિક આરોગ્ય કેન્દ્ર લઈ જવાઇ

બોડેલીના ગાયત્રી નગર સોસાયટીમાં 3 વર્ષની બાળકી પર ભૂંડનો હુમલો

તબીબો દ્વારા સ્પેશિયલ ઇન્જેક્શન આપી સારવાર આપવામાં આવી હતી

(પ્રતિનિધી) બોડેલી, તા.1

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આવેલ ગાયત્રી નગર સોસાયટીમાં ત્રણ વર્ષની બાળકી પર ભૂંડ દ્વારા હુમલો કરવામાં આવ્યો હુમલા બનાવવામાં ભૂંડ દ્વારા બાળકીને ખેંચી જતા સ્થાનિકોએ ભૂંડ પાછળ દોડી મહામુસીબતે બચાવી હતી સમગ્ર ઘટના બનતા આસપાસના લોકો દોડી આવ્યા અને ભૂંડનો પીછો કરી બાળકીને બચાવી લેવામાં આવી હતી ભૂંડના હુમલાની ઘટના વારંવાર બનતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો સમગ્ર વિસ્તારમાં ત્રાસ ખૂબ જ વધી ગયો છે જ્યાં જુઓ ત્યાં ભૂંડો જોવા મળે છે બોડેલી ની આસપાસ ફરતા ભૂંડોના ટોળા ને જંગલમાં છોડવા માટેની માંગ કરવામાં આવી બોડેલીના ચાચક વિસ્તારમાં આવેલા ગાયત્રી નગરમા એક ત્રણ વરસ કરતા નાની બાળકી ઘર પાસે રમતી હતી ત્યારે એક ભૂંડ અચાનક તેના પર હુમલો કર્યો હતો. ભૂંડ બાળકીને મોઢામાં લઈ ખેંચી લઈ જવાનો પ્રયાસ કર્યો હતો અને મોઢામાં લઈ ભાગવા લાગ્યો હતો પંદર જેટલા સ્થાનિકોએ બાળકીને છોડાવવાના ઘણા પ્રયાસો બાદ તેઓએ મહામુસીબતે બાળકીને બચાવી લીધી હતી. બાળકીને તાત્કાલિક બોડેલીના સામુહિક આરોગ્ય કેન્દ્ર લઈ જવામાં આવી હતી જ્યાં તબીબો દ્વારા સ્પેશિયલ ઈન્જેક્શન આપી સારવાર આપવામાં આવી હતી.

ગુજસીટોકના ગુનામાં ચાર્જશીટ દાખલ કરવા 90 દિવસની અરજી મંજૂર

સંગઠિત ગેંગના ફરાર આરોપી ઝડપવાના બાકી

(પ્રતિનિધિ) વડોદરા તા.01

રાજ્યના અલગ અલગ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં આરોપીઓએ સંગઠિત ગેંગ તરીકે પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ આચર્યા હોવાના મામલે સ્ટેટ મોનિટરીંગ સેલ પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક એક્ટ નોધાયો હતો જેમાં 8 ની ધરપકડ કરી હતી જ્યારે 5ની ધરપકડ બાકી છે. આ આરોપીઓએ સંગઠિત સિન્ડિકેટ તરીકે પોતાની ગેરકાયદેસર પ્રવૃતિઓ ચાલું રાખી હતી. ત્યારે આ તમામ આરોપીઓની તપાસ માટે વધુ સમયની જરૂર હોય ચાર્જશીટ દાખલ કરવા વધુ 90 દિવસની અરજી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યા દ્વારા સ્પેશિયલ જજ (ગુજસીટોક) ની કોર્ટમાં માંગણી કરી હતી જેને ગ્રાહ્ય રાખવામાં આવી છે.

પકડાયેલા આરોપીઓના નામ

1.છબીલનાથસિંહ ઉર્ફે પ્રદિપ રાજા કૌશલ રાજપૂત, રહે. ઉન્નાવ, કાનપુર ઉ.પ્ર.
2.રવિ ઉર્ફે જીગો ચામડો ઠાકોરભાઇ માછી રહે. વાઘોડિયારોડ, વડોદરા
3.નિલેશ ઉર્ફે નિલુ ભઇજી નાથાણી રહે.વડોદરા
4.ઓમપ્રકાશ પુનમારામ પંવાર (બિશ્નોઇ) રહે. ઝાલોર, રાજસ્થાન
5.જગદીશ ઉર્ફે જે.ડી. પપ્પુરામ સાહુ (બિશ્નોઇ) રહે. ઝાલોર, રાજસ્થાન
6.સુરેશ ઉર્ફે રોહિત ઉર્ફે સુનીલ કાશીરામ ઢાકા રહે. ઝાલોર, રાજસ્થાન
7.સુનિલકુમાર ઉર્ફે દલપત સિંહ બિશ્નોઇ રહે. બાડમેર, રાજસ્થાન
8.રવિ નાઉમલ કુકરેજા રહે. આજવારોડ, વડોદરા

ડભોઈ અને ભોજ ગામે 11 જુગારીયા પકડાયા

(પ્રતિનિધી) વડોદરા, તા.1

ડભોઈ તાલુકાના કુંવરપાડા ગામમાં આવેલી નવીનગરી માં રમેશ બારીયાના ઘર પાછળ ધમધમતા જુગારધામ પર પોલીસ ત્રાટકી હતી છ જુગારીઓને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા. પોલીસે અંગજડતી અને દાવ પર મુકેલા ૪૪,૮૫૦ની રોકડ સાથે ચાર મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૮૪,૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. (૧)રમેશ ભીખાભાઈ બારીયા (રહેઃ મંદિર વાળુ ફળિયુ, કુવરવાડા) (૨)ઈશ્વર મોતીભાઈ બારીયા, (રહેઃ પટેલ ફળિયુ કુવરવાડા) (૩)દિપક હિંમતભાઈ પટેલ, (રહેઃ પટેલ ફળિયુ કુંવરવાડા) (૪)મુકેશ બળદેવભાઈ શ્રીમાળી,(રહેઃ હાલોલ) સહિતના આરોપીઓને ઝડપી પાડયા હતા.

કોર્સ શરૂ થયા છતાં PRN જનરેટ નહીં થતા વિદ્યાર્થીઓને હાલાકી

NSUI દ્વારા ઉગ્ર સુત્રોચાર સાથે હેડ ઓફિસ ખાતે રજૂઆત

(પ્રતિનિધી) વડોદરા,તા.1

એમ.એસ.યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટિમાં પ્રથમ વર્ષ માટે અભ્યાસ શરૂ થઈ ગયા છે. બીબીએ, બીસીએ, બીએસસી જેવા અન્ય કોર્સમાં અભ્યાસ શરૂ થયે 1 મહિના જેટલો સમય થઈ ગયો છે. સાથે બીકોમ હોનર્સમાં સબ્જેક્ટ સિલેક્શન માટેની ઓનલાઈન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પરંતુ હજી સુધી વિદ્યાર્થીઓના પીઆરએન નંબર જનરેટ નથી થયા જેના કારણે વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા છે.

વિદ્યાર્થીઓના સબ્જેક્ટ સિલેક્શનથી લઈને હોલ ટિકિટ, પરીક્ષાના રિઝલ્ટ, આઈડી કાર્ડ તમામ યુનિવર્સિટીના ઓનલાઈન પોર્ટલ પર જનરેટ થતું હોય છે અને વિદ્યાર્થીઓ પોતાના પીઆરએન નંબર દ્વારા યુનિવર્સિટીના ઓનલાઈન પોર્ટલ પર લોગિન કરીને જોઈ શકે છે. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પોતાના ભણતરને લગતી તમામ સુવિધાઓ જેવી કે કોલેજ ફી ભરવી, આઈડી કાર્ડ, પરીક્ષા માટેનું સમયપત્રક, પરીક્ષાના પરિણામ, શિષ્યવૃતિ સ્ટેટસ જોઈ શકે તે માટે એપ્લિકેશન લોંચ કરવામાં આવી. પરંતુ આજે વિદ્યાર્થીઓના પીઆરએન નંબર જ જનરેટ નથી થયા તો વિદ્યાર્થીઓ આ એપ્લિકેશનનો ઉપયોગ નથી કરી શકતા. ત્યારે, વહેલી તકે પીઆરએન નંબર જનરેટ કરવામાં આવે તેવી માંગણી એનએસયુઆઈના આગેવાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

પોલીસે બંને તરફના છ હુમલાખોરોની ધરપકડ કરી

જરોદ પાસે મધુવન નગરીમાં એક જ કોમના બે જૂથ વચ્ચે મારામારી

15 થી 20 હુમલાખોરો એકબીજા ઉપર પાઇપોને લાકડી લઈને તૂટી પડ્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.1

ત્રણ દિવસ પહેલા સામાન્ય તકરાર ની અદાવત રાખીને રાજપુત ફળિયા અને મધુવન નગરીના રહીશો વચ્ચે જીવલેણ મારામારીનો બનાવ બન્યો હતો પથ્થરમારો કરતા ટોળા એકબીજા ઉપર પાઈપો અને લાકડીઓ લઈને તૂટી પડ્યા હતા. ગઈકાલે સમી સાંજે બંને વિસ્તારના લોક ટોળા એકબીજા ઉપર આક્રોશ ભર્યા આક્ષેપ કરતા મામલો બિચકયો હતો. જોત જોતા માં બંને તરફના ટોળાએ એકબીજા પર પથ્થરમારો કરી દેતા વાતાવરણ શોર બકોરથી ગુંજી ઉઠ્યું હતું.

બંને તરફના ઈસમો લાકડીઓને પાઈપો લઈને ફિલ્મી ડબ્બે એકબીજા ઉપર તૂટી પડ્યા હતા. મારા મારી માં મહિલાઓ સહિત અનેકને નાની મોટી ઈજાઓ થવા પામી હતી જૂથ અથડામણની ઘટના અંગે જરોદ પોલીસને જાણ થતા જ પીએસઆઈ એસ એલ સેવાળે સહિતનો કાફલો ઘટના સ્થળે ઘસી ગયો હતો અને બળ પ્રયોગ વાપરીને મામલો શાંત પાડ્યો હતો. હીનાબેન રોનકભાઈ પરમારે 4 મહિલાઓ સહિત 11 હુમલાખોરો સામે ફરિયાદ નોંધાવી હતી જ્યારે સામે પક્ષે વિરેન્દ્રસિંહ સોલંકી એ સાત ઈસમો સામે ગુનો નોંધાવ્યો હતો. પી.એસ. આઈ એસ એલ સેવાળે એ તુરંત કાયદેસરની કાર્યવાહી કરીને બંને તરફના છ હુમલાખોરોને ઝડપી પાડ્યા હતા. જીવલેણ મારામારીના બનાવના પગલે જરોદ ગામમાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી.

ઉલ્લેખનિય છે કે મારામારીનો બનાવ જે રીતે બન્યો તે બાબતે પોલીસ પણ તાજુબ પામી ગઈ હતી. લગભાગ છેલ્લાં પાંચ દિવસથી મારામારીની અદાવતનો માહોલ સળગી રહ્યો હતો. જેનો ભડકો થતા ફિલ્મોમાં જે દ્રશ્યો બતાવે તેનાથી પણ વધુ હિંસક હુમલાનો બનાવ બનતા જરોદના રહીશોમાં હાહાકાર મચી ગયો હતો.

એમ.એસ.યુનિવર્સિટીમાં હોસ્ટેલની બેઠકો વધારવા એજીએસયુ દ્વારા માંગ કરાઈ

બહાર ગામથી અભ્યાસાર્થે આવતા મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને હાલાકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

એમ.એસ યુનિવર્સિટીમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે.જેમાં શહેર બહારથી અને રાજ્ય બહારથી પણ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો છે. પણ આ વખતે હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે, યુનિવર્સિટી દ્વારા દરેક ફેકલ્ટીમાં હોસ્ટેલ માટે સીટો વધારવામાં આવે તેવી માંગણી સાથે એજીએસયુ દ્વારા ચીફ વોર્ડનને રજૂઆત કરવામાં આવી હતી. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં દર વર્ષે મોટી સંખ્યામાં શહેર બહારથી વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે આવતા હોય છે અને યુનિવર્સિટીના હોસ્ટેલમાં જ રહીને અભ્યાસ કરતા હોય છે. પરંતુ, આ વખતે યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા હોસ્ટેલમાં રહેવા માટેની બેઠકો ઘટાડવામાં આવી છે. જેના કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે આ મામલે વિદ્યાર્થી સંગઠન એજીએસયુના આગેવાન પંકજ જયસ્વાલની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓ ચીફ વોર્ડન ની ઓફિસ ખાતે પહોંચ્યા હતા. જ્યાં વોર્ડનને રજૂઆત કરવામાં આવી હતી. યુનિવર્સિટી દ્વારા વિધાર્થીઓને રહેવા માટેની સુવિધા હોસ્ટેલમાં આપવામાં આવતી હોય છે. પરંતુ આ વર્ષે ઘણા વિધાર્થીઓ એવા છે કે, તેમને હજુ સુધી હોસ્ટેલ એલોટ કરવામાં આવી નથી. આ સમસ્યા કોમર્સ , આર્ટ્સ તથા સાયન્સ ફેકલ્ટીમાં વધારે સર્જાઈ છે. આ તેવા વર્ગના વિધાર્થીઓ છે કે જેમના દ્વારા હોસ્ટેલ માટે રજીસ્ટ્રેશન કરી એપ્લિકેશન ફીસ પણ ભરી દેવામાં આવી છે, સાથે સાથે આ વિધાર્થીઓ મધ્યમ વર્ગ પરિવારથી આવે છે.

નાયબ નિયામકના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં તપાસ માટેના એક્શન પ્લાનની ચર્ચા

ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં એસીબી દ્વારા એસઆઈટીની રચના કરાઈ

સસ્પેન્ડ ચાર તથા એક રીટાયર્ડ અધિકારી વિરુદ્ધ અપ્રમાણસર મિલકતની તપાસ કરાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.1

મુજપુર ગંભીર બ્રિજની દુર્ઘટનામાં એસીબી દ્વારા તાજેતરમાં સસ્પેન્ડ થયેલા અધિકારીઓ પૈકી એકનું નિવેદન લેવામાં આવ્યું હતું. ત્યારે આ દુર્ઘટનામાં ઉંડાણપૂર્વક તપાસ કરવા માટે એસીબીની 6 અધિકારીઓ સાથે એસઆઈટીની રચના કરવામાં આવી છે. દરમિયાન નાયબ નિયામકના અધ્યક્ષ સ્થાને મળેલી મીટિંગમાં આગામી દિવસોમા તપાસનો ધમધમાટ બોલાવવા છે તેના એક્શન પ્લાનની પણ ચર્ચા વિચારણ કરાઈ હતી.

દરમિયાન 31 જુલાઇના રોજ સસ્પેન્ડ થયેલા અધિકારીઓ પૈકી યુ સી પટેલની એસીબી દ્વારા 6 કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. જ્યારે બાકીના બે અધિકારીના પણ આગામી દિવસોમાં નિવેદન લેવામાં આવશે. ત્યારે આ ગોઝારી દુર્ઘટનામાં માર્ગ અને મકાન વિભાગના અગાઉ સસ્પેન્ડ ચાર એન.એમ. નાયકાવાલા કાર્યપાલક ઈજનેર, યુ.સી.પટેલ નાયબ કાર્યપાલક ઈજનેર, આર.ટી.પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર તથા જે.વી. શાહ મદદનીશ ઈજનેરને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરી દેવામાં આવ્યાં હતા. તથા એક રીટાયર્ડ થયેલા કાર્યપાલક ઈજનેર કે બી થોરાટ અધિકારી વિરુદ્ધ અપ્રમાણસર મિલકત અને સત્તાના દૂર ઉપયોગ કર્યો હોય તેના બાબતેની તપાસ થવા માટે સરકાર તરફથી મંજૂરી મળતા એસીબી તરફથી તપાસના ધમધમાટ શરૂ કરાયો છે. ત્યારે આ ઘટનાની ગંભીરતા પૂર્વક તપાસ કરવા રચના કરાઈ છે.

SITના અધિકારી

>> મકરંદ ચૌહાણ સંયુક્ત નિયામક, એસીબી વડી કચેરી (અધ્યક્ષ)
>> પીએચ ભેસાણીયા નાયબ નિયામક, એસીબી (સભ્ય)
>>એ એન પ્રજાપતિ, પીઆઇ વડોદરા એસીબી (સભ્ય)
>> આર બી પ્રજાપતિ, રીડર પીઆઇ, એસીબી વડોદરા એકમ (સભ્ય)
>> એ જે ચૌહાણ, પીઆઇ વડોદરા ગ્રામ્ય એસીબી (સભ્ય)
>> એમ જે સિંદે, પીઆઇ, ભરૂચ એસીબી (સભ્ય)